# હેમ વ્યાકરણ પરંપરામાં सर्वं वाक्यं सावधारणम् । ન્યાયની સમીક્ષા

વસન્તકુમાર મ. ભટ્ટ

(૧)

આચાર્ય હેમચંદ્રસૂરિ(ઈ. સ. ૧૦૮૮થી ૧૧૭૨)એ પાણિનીય વ્યાકરણમાંથી પ્રેરણા મેળવીને, લૌકિક સંસ્કૃત ભાષાનું અને વિવિધ પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ રજૂ કરતો **સિદ્ધહેમ શબ્દાનુશાસન** નામનો શકવર્તી ગ્રંથ રચ્યો છે[૧]. આ વ્યાકરણગ્રંથ ઉપર તેમણે ત્રિવિધ સ્વોપજ્ઞવૃત્તિઓ **લઘુવૃત્તિ**, **બૃહદ્‌વૃત્તિ** અને **બૃહન્ન્યાસ (શબ્દમહાર્ણવન્યાસ)** રચી છે. આ વૃત્તિઓની અંદર તેમણે કેટલાક ન્યાયો, કે જેમને 'પરિભાષાવચનો' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમનો પ્રયોગ કર્યો છે. આ ન્યાયોને જુદા તારવીને એકાધિક વૃત્તિઓ રચવામાં આવી છે. **બૃહદ્‌વૃત્તિ**ને અંતે આપેલા પરિભાષાપાઠ (=યાદી) ઉપર હેમહંસગણિ(૧૫મી સદી)એ તથા વિજયલાવણ્યસૂરિ(૨૦મી સદી)એ સ્વતંત્ર ટીકાગ્રંથોની રચના કરી છે[૨]. આ જ પરંપરાને આગળ વધારતાં વર્તમાનમાં મુનિશ્રી નંદિઘોષવિજયજીએ **ન્યાયસંગ્રહ**નાં હિંદી અનુવાદ અને વિવેચન પણ પ્રકાશિત કરેલાં છે[૩]. આ. હેમચંદ્રસૂરિએ सिद्धिः स्याद्वादाद् । **(सि. हे. श.** ૧-૧-૨) સૂત્રથી વ્યાકરણશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં પણ સ્યાદ્વાદને આરંભે મૂક્યો છે. હવે, પ્રસ્તુત લેખમાં, આના અનુસંધાનમાં જ હૈમ વ્યાકરણ પરંપરામાં કેવી વિવેચના હાથ ધરવામાં આવી છે તેની સમીક્ષા કરવાનું અભીષ્ટ છે.

(૨)

**સિ. હે. શ.** ના આરંભે હેમચંદ્રસૂરિએ सिद्धिः स्याद्वादाद् । ૧-૧-૨ એવું જે સૂત્ર મૂક્યું છે તેનું વિવરણ **બૃહદ્‌વૃત્તિ**માં આ પ્રમાણે જોવા મળે છે :- "સિદ્ધિ સ્યાદ્-વાદને આધારે (થાય છે)" (૧-૧-૨). 'स्याद्' એવો અવ્યય અનેકાંતનો દ્યોતક છે. તેથી 'સ્યાદ્વાદ' એવો શબ્દ અનેકાંતવાદ(નો પર્યાય) બને છે. નિત્ય-અનિત્ય અનેક ધર્મોથી યુક્ત જ વસ્તુ હોય છે એવો અભ્યુપગમ (=દષ્ટિકોણ) રાખવો જોઈએ. આવા સ્યાદ્વાદને આધારે પ્રકૃત (લૌકિક સંસ્કૃત ભાષાના) શબ્દોની સિદ્ધિ થાય છે, નિષ્પત્તિ થાય છે અથવા ઓળખ થાય છે એમ જાણવું. (પદ-સિદ્ધિ દરમ્યાન) એક જ વર્ણને ક્યારેક હ્રસ્વ તો ક્યારેક દીર્ઘ વગેરે વિધિઓ થાય છે, (કોઈ એક કારકને વિશે જ) અનેક કારકોનો સન્નિપાત થતો જોવા મળે છે, (વિપરીત ધર્મવાળા શબ્દોની વચ્ચે) સામાનાધિકરણ્ય જોવા મળે છે, તથા શબ્દો વચ્ચે વિશેષ્ય-વિશેષણ ભાવ વગેરે પણ જોવા મળે છે— તે બધું સ્યાદ્વાદના સ્વીકાર વિના ઉપપન્ન થાય એવું નથી. આ શબ્દાનુશાસન તે બધા પંથોને (=બધી જ વિદ્યાશાખાઓને) એકસરખું લાગુ પડનારું હોવાથી, જેમાં બધાં જ દર્શનનો સમૂહ ભેગો થયો છે તેવા સ્યાદ્વાદનું આશ્રયણ કરવું તે (જ) રમણીય છે[૪]. ...અથવા આ (૧-૧-૨) સૂત્રમાંના वादात् શબ્દને છૂટો વપરાયેલો ગણીએ તો, (અર્થાત્ वादात् सिद्धिः स्यात् । એવો અન્વય ગોઠવીએ તો,) 'વાદ' દ્વારા સિદ્ધિ, એટલે કે સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થશે, અને તે દ્વારા નિઃશ્રેયસ્‌ની પ્રાપ્તિ થશે. આથી શબ્દાનુશાસનનો આરંભ કરવામાં આવે છે[૫].

હેમચંદ્ર જૈનધર્માવલંબી હતા, માટે વ્યાકરણશાસ્ત્રને આરંભે આ सिद्धिः स्याद्वादाद् । ૧-૧-૨ સૂત્ર મૂક્યું છે તે તો હકીકત છે જ : પરંતુ સતત પરિવર્તનશીલ રહેતી અને અનેક પ્રકારની અનિયમિતતાઓથી ભરેલી ભાષાનું સ્વરૂપ સમજાવવા, જો કોઈ ઉત્કૃષ્ટ તાર્કિક સમાધાન આપી શકાય તેમ હોય તો તે સ્યાદ્વાદ જ છે એ પણ નિર્વિવાદ છે ! આધુનિક ભાષાવૈજ્ઞાનિકો ભાષામાત્રના અનેકવિધ વૈચિત્ર્યને સમજાવવા જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદચ્છિકતા(arbitrariness)ની વાત કરે છે તે જ વાત હેમચંદ્રે સ્યાદ્વાદને આગળ ધરીને કરી છે એમ કહેવામાં કશો અપલાપ થતો નથી.

(૩)

ભાષાના વૈચિત્ર્યનો ખુલાસો આપવા 'સ્યાદ્વાદ' ને આગળ ધરીએ ત્યાં સુધી તો તે આવકાર્ય છે. પરંતુ "સ્યાદ્વાદથી શબ્દસિદ્ધિ થાય છે" (૧-૧-૨) એવો સર્વતોભદ્ર અધિકાર વ્યાકરણતંત્રના આરંભે જ મૂકવામાં આવે તો કદાચ તાર્કિક દોષ ઊભો થવાની પણ સંભાવના રહેલી છે. જેમકે, स्याद्वाद શબ્દમાંનું 'स्याद्' રૂપ √अस् भुवि ધાતુનું વિધ્યર્થ ત્રી. પુ. એ. વ. છે. તથા 'સપ્તમી'ના અર્થાત્ વિધ્યર્થના ક્રિયાપદમાંથી જે જે અર્થો મળી રહે છે તેનું નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવ્યું છે : विधि-निमन्त्रणा-मन्त्रणा-धीष्ट-संप्रश्न-प्रार्थने । **सि. हे. श. ५-४-२८.** અહીં ગણાવેલા અર્થો મુજબ તો स्याद् રૂપમાંથી "આમ થવું જોઈએ / હોવું જોઈએ જ" એવો વિધિપરક અર્થ પણ નીકળી શકે. તદુપરાંત, "આમ કરવું હોય તો કરી પણ શકાય" એવો 'કામચાર' રૂપ અર્થ પણ કાઢી શકાય. જો स्याद् રૂપમાંથી વિધિપરક અર્થ સ્વીકારીએ તો તો હેમચંદ્રનું વ્યાકરણ prescriptive grammar (આદેશાત્મક અને વિધિનિષેધાત્મક વ્યાકરણ) બની રહે, પણ જો स्याद् રૂપમાંથી કોઈ 'કામચાર' અર્થ લેવા પ્રેરાય તો ઘણી બધી અનિષ્ટ પરિસ્થિતિઓ ઊભી થાય એમ છે. દા. ત. —समानानां तेन दीर्घः । (**सि. हे. श.** १-२-१) સૂત્ર કહે છે કે 'સમાન' એવી સંજ્ઞાવાળા (अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, लृ, ॡ) વર્ણો તેમની પાછળ રહેલા 'સમાન' સંજ્ઞાવાળા વર્ણોની સાથે સંધિ પામતાં દીર્ઘ થાય છે. જેમકે - दण्ड + अग्रम् → दण्डाग्रम् । सा + आगता → सागता । दधि + इदम् → दधीदम् । વગેરે. પણ જો કોઈ છાત્ર અહીં સ્યાદ્વાદનું આશ્રયણ કરીને એવો સૂત્રાર્થ વિચારે કે સમાનાક્ષરનો તેની પાછળ આવેલા સમાનાક્ષરની સાથે સંધિ થતાં દીર્ઘ નથી પણ થતો, તો दण्ड + अग्रम् । માં તે છાત્ર કદાચ પ્રાપ્ત સંધિ કરશે નહીં ! અથવા હ્રસ્વવિધિ જ કરશે :- दण्डग्रम् । તો આવો સંધિ વિષયક સ્વેચ્છાચાર ભાષામાં માન્ય કરી શકાય એમ નથી. તેથી હૈમ વ્યાકરણ પરંપરામાં જે **ન્યાયસંગ્રહ** તૈયાર થયો છે તેમાં આવું એક પરિભાષાવચન સ્વીકારવામાં આવ્યું છે :- सर्वं वाक्यं सावधारणम् । (**न्या. सं. २-५८**) "સિ. હે. શ.- નાં બધાં જ વાક્યોમાં (અર્થાત્ વિધિસૂત્રોમાં) અવધારણાર્થક एव કારનું ગ્રહણ ન કર્યું હોય તો પણ, તે વાક્ય અવધારણાર્થક જ છે એમ જાણવું."–આવા પરિભાષાવચન(જેને 'ન્યાય' પણ કહે છે, તેના)થી समानानां तेन दीर्घः (स्याद् एव) । એવું एव કાર સહિતનું નિશ્ચયાત્મક વિધાન જ મૂળ સૂત્રકારે લખ્યું છે એમ નક્કી થાય છે જેથી दण्ड + अग्रम् । માં 'દીર્ઘ જ કરવો જોઈએ' એમ સમજવાનું છે અને કેવળ दण्डाग्रम् । ની જ સિદ્ધિ કરવાની છે.

આમ વિધિસૂત્રો વગેરેની અંદર સ્યાદ્વાદનું આશ્રયણ કરવાથી જે અનિષ્ટ ઊભું થઈ શકે તેમ હતું, તેને ટાળવા માટે 'ન્યાયસંગ્રહ'માં सर्वं वाक्यं सावधारणम् । એવો ન્યાય સંગૃહીત કરવામાં આવ્યો છે.

હૈમવ્યાકરણ પરંપરામાં આ ન્યાય વિશે જે વિચારણાઓ થઈ છે તે જોઈશું : હેમહંસગણિ કહે છે કે શાસ્ત્રારંભે સ્થાપેલા સ્યાદ્વાદની પ્રવૃત્તિ સાર્વત્રિક નથી એમ સૂચવવા એ ન્યાય રજૂ કર્યો છે. બીજું, ऋलृति ह्रस्वो वा । (**सि. हे. श.** १-२-२) જેવાં સૂત્રોમાં वा પદનું ગ્રહણ કરીને, જે વૈકલ્પિક વિધાન કર્યું છે તેના ઉપરથી આ (**न्या. सं. २-५८**) ન્યાયનું અસ્તિત્વ જ્ઞાપિત થાય છે. જો આવો ન્યાય જ ન હોત તો, ૧-૨-૨નો અર્થ ह्रस्वः स्याच्च न स्याच्च । એવો થશે. આમ 'वा' એવા પદને ઉમેરવાની જરૂર જ ન હતી. છતાંય वा પદને ઉમેર્યું છે તેથી એવું જ્ઞાપિત થાય છે કે सर्वं वाक्यं सावधारणम् । (**न्या. सं. २-५८**) એવો ન્યાય છે; અને તેનાથી હ્રસ્વાદિ વિધિઓનું વિધાન નિત્ય થવા આવતું હતું, તેને રોકવા માટે वा પદની જરૂર છે[૬].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, હેમહંસગણિએ द्विर्बद्धं सुबद्धं भवति । (न्या० सं० २-३६) એવા ન્યાયથી આ (न्या० सं० २-५८) ન્યાયનું અસામર્થ્ય દર્શાવાયું છે એમ કહ્યું છે. કેમકે જો બધાં જ વાક્યો સાવધારણ જ લેવાનાં હોત તો, એક વખત જ કહેવામાં આવેલી કોઈ પણ વિધિ સુબદ્ધ જ પુરવાર થાત. તે સ્થિતિમાં કોઈ પણ વિધિનું બે વખત વિધાન કરવાની જરૂર હતી જ નહીં. પણ હેમચંદ્રે ઘણી વિધિઓ બબ્બે વાર કહી છે, તે द्विर्बद्धं सुबद्धं भवति । કરવાના આશયથી. આમ सर्वं वाक्यं सावधारणम् । ન્યાયની અનિત્યતા સૂચવાય છે એમ જાણવું. અહીં, વિજય લાવણ્યસૂરિએ આ सर्वं वाक्यं सावधारणम् । ની અનિત્યતા સિદ્ધ કરવા, બીજી રીતે રજૂઆત કરી છે. તેઓ કહે છે કે જે વિધિસૂત્રોમાં **एव** કારનું ગ્રહણ કર્યું છે, ત્યાં द्विर्बद्धं सुबद्धं भवति । ન્યાયથી દોષાભાવ રહે છે એમ જાણવું. જો એમ નહીં માનો તો सर्वं वाक्यं सावधारणम् । ન્યાયની હાજરીમાં एव કારનું ગ્રહણ વ્યર્થ જશે. આમ द्विर्बद्धं सुबद्धं भवति । ન્યાયથી सर्वं वाक्यं सावधारणम् । નો બાધ થાય છે એમ નક્કી થશે[૭].

શ્રી વિજય લાવણ્યસૂરિએ **ન્યાયાર્થસિન્ધુટીકા**માં એક મહત્ત્વની વાત એ કરી છે કે—લક્ષ્યસિદ્ધિ કરવા માટે (જ) શાસ્ત્રારંભે સ્યાદ્વાદનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ આ સ્યાદ્વાદ સાર્વત્રિક નથી. જો સ્યાદ્વાદને સાર્વત્રિક માનીશું તો પ્રયોગવિધિ(= પ્રક્રિયાવસ્થા)માં જે તે સૂત્રથી વૈકલ્પિક વિધાન છે, કે અવૈકલ્પિક વિધાન ? તેનો નિર્ણય જ નહીં થઈ શકે. તેથી પ્રયોગવિધિમાં सर्वं वाक्यं सावधारणम् । એ ન્યાય માનવાનો છે અને અમુક (અનિયમિત જણાતાં) લક્ષ્યો(કવિઓનાં અમુકપ્રયોગો)ની સિદ્ધિ કરવા માટે જ સ્યાદ્વાદ છે એમ જાણવું.

બીજે તબક્કે, શ્રી વિજય લાવણ્યસૂરિએ **ન્યાયાર્થસિન્ધુતરંગ**માં એક સૂક્ષ્મ વિચારણા પણ મૂકી છે : જેમકે, સ્યાદ્વાદ એ તો અનેકાંતનો વાચક છે, તો પછી તેમાં (આવા सर्वं वाक्यं सावधारणम् । ન્યાયથી રજૂ થતો) અવધારણા રૂપી અર્થ કેવી રીતે સુસંગત થશે ? તો આનું સમાધાન એ છે કે—સ્યાદ્વાદમાં અપેક્ષાભેદથી અવધારણા રૂપી અર્થ પણ અંતર્ભાવ પામેલો જ છે ! અને તેથી જ તો સ્યાદ્વાદનો આશ્રય લઈને રચાયેલ 'સપ્તભંગી'માં 'स्याद् अस्त्येव' । એવા ભંગમાં અવધારણાર્થનું પણ આશ્રયણ કર્યું છે. આમ વિજય લાવણ્યસૂરિએ બતાવ્યું છે કે સ્યાદ્વાદ અને सर्वं वाक्यं सावधारणम् । એવા ન્યાયની વચ્ચે કોઈ તાર્કિક દોષ નથી, વદતોવ્યાઘાત નથી. એટલે કે સ્યાદ્વાદ કહેવાથી શાસ્ત્રની પ્રયોગવિધિઓમાં અતિવ્યાપ્તિ થતી હતી, માટે તેને રોકવા सर्वं वाक्यं सावधारणम् । ન્યાય મૂક્યો છે - એમ ના સમજવું. બલ્કે, શાસ્ત્રમાં સ્યાદ્વાદનું અર્થઘટન सर्वं वाक्यं सावधारणम् । એવું (જ) લેવાનું છે એમ જાણવું. આ સૂક્ષ્મેક્ષિકા માટે મુનિ વિજય લાવણ્યસૂરિ અભિનંદનને પાત્ર છે[૮].

## (૪)

હૈમવ્યાકરણ પરંપરામાં આ (न्या० सं० २-५८) ન્યાય વિશે જે વિચારણા થતી રહી છે તેની સમીક્ષા પણ કરવી જોઈએ : સ્યાદ્વાદ શબ્દમાંનો स्याद् શબ્દ, કે જે મૂળભૂત રીતે 'સપ્તમી'નું, અર્થાત્ વિધિલિઙ્નું ક્રિયાપદ (ત્રી. પુ. એ. વ.) છે, તેનો અર્થ વિધિપરક (=વિધ્યર્થ રૂપ) હોવા ઉપરાંત કામચાર (=સ્વેચ્છાચાર) રૂપ અર્થ પણ થઈ શકે છે - તે વાત સાચી છે. તથાપિ सर्वं वाक्यं सावधारणम् । એવા ન્યાયની કશી જરૂર જ નથી. જેમકે, આ. હેમચંદ્રસૂરિએ પોતે જે **બૃહદ્વૃત્તિ** લખી છે તેમાં દરેક સૂત્રની વૃત્તિમાં भवति-भवतः-भवन्ति । જેવાં વર્તમાનકાલિક ક્રિયાપદો વાપર્યાં છે. તથા બીજી તરફ, **લઘુવૃત્તિ**(સ્વોપજ્ઞ)માં તેમણે દરેક સૂત્રોનો અર્થ આપતી વખતે, વૃત્તિમાં स्याद्-स्याताम्-स्युः । એવાં 'સપ્તમી'નાં રૂપો વાપર્યાં છે. આવા વૃત્તિભેદનું રહસ્યાત્મક પ્રયોજન જો હાથ લાગે તો सर्वं वाक्यं सावधारणम् । એવા ન્યાયની જરૂર રહે જ નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધુનિક ભાષાવિજ્ઞાનની પારિભાષિક શબ્દાવલી વાપરીને કહીએ તો હેમચંદ્રનું આ વ્યાકરણ descriptive grammar (વર્ણનાત્મક વ્યાકરણ) ગણવું કે prescriptive (આદેશાત્મક વ્યાકરણ) ગણવું ? - તો હેમચંદ્રે જ્યારે **બૃહદ્વૃત્તિ**ની વૃત્તિમાં √भू ધાતુના વર્તમાનકાલિક ક્રિયાપદો (**भवति-भवतः-**भवन्ति) વાપર્યાં છે તે ખૂબ સૂચક છે. આ **બૃહદ્વૃત્તિ** જ્યારે એમના હાથે લખાઈ રહી છે ત્યારે, તે તબક્કે, તેમને માટે આ વ્યાકરણ સંસ્કૃત ભાષાનું descriptive grammar (વર્ણનાત્મક વ્યાકરણ) બની રહે એવું અભિપ્રેત છે. અમુક વર્ણની પાછળ અમુક વર્ણ આવે તો ભાષામાં અમુક પ્રકારનો ધ્વનિવિકાર આવે છે, અને આવી સંધિ **થાય છે** (भवति) એમ જોવા મળે છે - એમ તેઓ કહેવા માંગે (વર્ણવવા માંગે) છે. વ્યાકરણના પ્રૌઢ અભ્યાસીઓને માટે **બૃહદ્વૃત્તિ** લખ્યા પછી, જ્યારે તેઓ **લઘુવૃત્તિ**ની પણ રચના કરી રહ્યા છે ત્યારે તેમને મન એમનું વ્યાકરણ પ્રારંભિક કક્ષાના છાત્રો માટે prescriptive (આદેશાત્મક) પ્રકારનું બની રહે તે અભીષ્ટ છે. આથી તેમણે તે **લઘુવૃત્તિ**માં સૂત્રાર્થ લખતી વખતે स्याद्-स्याताम्-स्युः । જેવા 'સપ્તમી'નાં ક્રિયાપદો વિધ્યર્થમાં — આદેશાત્મક રૂપે — વાપર્યાં છે એમ સમજવાનું છે, ત્યાં (**લઘુવૃત્તિ**માં) તે 'કામચાર' અર્થમાં પ્રયોજાયાં નથી. નવી ભાષાનો અભ્યાસ કરનારને માટે વ્યાકરણનાં સૂત્રો પ્રારંભે આદેશાત્મક જ હોય તે અનિવાર્ય છે. આથી ત્યાં स्याद्નો અર્થ કદાપિ 'કામચાર' લઈ શકાય જ નહીં, અને એ સંજોગોમાં सर्वं वाक्यं सावधारणम् । જેવા ન્યાયને પ્રસ્તુત કરવાનું રહેતું જ નથી[૯]. અલબત્ત, હૈમ પરંપરામાં હેમહંસગણિનું આ **બૃહદ્વૃત્તિ** અને **લઘુવૃત્તિ**ના સૂત્રાર્થ-નિરૂપણમાં જે શાબ્દિક ભેદ વપરાયો છે તે તરફ ધ્યાન અચૂક ગયું છે; પણ આવા ભેદયુક્ત પ્રયોગમાં કશું અનૌચિત્ય નથી એમ કહીને (એવો બચાવ કરીને) ઉમેર્યું છે કે વ્યાકરણનાં બધાં જ સૂત્રો વિધ્યર્થક જ હોય છે, અને વિધ્યર્થમાં 'સપ્તમી'વાળા (વિધિલિઙ્વાળા) ક્રિયાપદનો પ્રયોગ જ ઉચિત ગણાય છે[૧૦].

પણ ઔચિત્ય-અનૌચિત્યનો અહીં પ્રશ્ન હતો જ નહીં. મૂળ વ્યાકરણકાર આ૦ હેમચંદ્રસૂરિને જ એ અભીષ્ટ હતું કે તેમની બૃહદ્વૃત્તિ ભણનારો પ્રૌઢ અભ્યાસી એ વાત સમજે કે ભાષા પહેલી છે અને વ્યાકરણ તેની પછી છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ વ્યાકરણકાર નવી ભાષાનું ઘડતર કરતો નથી, તે તો તેના સમયમાં વપરાતી ભાષાનું કેવળ વર્ણન જ કરે છે, અને આથી તેનાં સૂત્રોની વૃત્તિમાં भवति-भवतः-भवन्ति। જેવો પ્રયોગ જ હોવો ઘટે. જ્યારે પ્રારંભિક અવસ્થામાં રહેલા નવા શિષ્યોને તો પહેલાં ભાષા શીખવવાની હોવાથી તેમને સ્વેચ્છાચાર કરવા જ ન દેવાય. તેમને તો આદેશાત્મક નિયમોથી જ ભાષા શીખવવાની રહે છે, અને તે તબક્કે સૂત્રાર્થનું નિરૂપણ स्याद्....એવાં વિધ્યર્થનાં ક્રિયાપદોથી થાય (એટલે કે નવા છાત્રોને માટે વ્યાકરણ prescriptive પ્રકારનું બની રહે) તે તેના હિતમાં છે.

**ઉપસંહાર :**

શ્રી વિજય લાવણ્યસૂરિ કહે છે તે મુજબ स्याद्वादનો 'स्याद् अस्त्येव' એવો અવધારણાર્થ પણ અભીષ્ટ છે - એ પ્રકટ કરવા सर्वं वाक्यं सावधारणम् । ન્યાયની જરૂર છે. અથવા બીજી રીતે વિચારીએ તો - 'स्याद्वादમાં स्याद् अस्त्येव એવો ભંગ પણ કરવામાં આવ્યો છે' - એ મુદ્દો જેની જાણમાં નથી, તેવા છાત્રને મન स्याद्वादથી વ્યાકરણની સર્વ વિધિઓમાં વિકલ્પની પ્રાપ્તિ રોકવા માટે सर्वं वाक्यं सावधारणम् । ની જરૂર છે. અથવા, ત્રીજી રીતે કહીએ તો - स्याद्वाद માન્યા પછી स्याद्નો અર્થ વિધ્યર્થ જ લઈએ, અને પ્રારંભિક છાત્રોને માટે વ્યાકરણને આદેશાત્મક સ્વરૂપનું (Prescriptive grammar) ગણીએ તો सर्वं वाक्यं सावधारणम् । ન્યાયની જરૂર ન રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટિપ્પણો :-**

૧. આ વ્યાકરણની સમીક્ષા માટે જુઓ મારો **પાણિનીય વ્યાકરણ વિમર્શ** (સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ ૧૯૯૪)માં "વૈયાકરણ હેમચંદ્રાચાર્ય'" લેખ. પૃ૦ ૨૭૭થી ૩૦૮.

૨. (क) श्रीहेमहंसगणिसंगृहीतः **'न्यायसंग्रहः'** । वाराणसी वीरसंवत्-२४३७ (ईस्वी १९१०).

(ख) **न्यायसमुच्चयः**, तत्र विजयलावण्यसूरिणा विरचितो न्यायार्थसिन्धुः तरङ्गश्च । (विजयनेमिसूरिग्रन्थमालारत्नम्-४९), प्रका॰ विजयलावण्यसूरिज्ञानमन्दिरम्, बोटाद, सौराष्ट्र, वीर सं॰ २४८३, विक्रम सं॰ २०१३ (ईस्वी १९५७).

૩. મુનિ નંદિઘોષવિજય, **न्यायसंग्रहः** (હિંદી અનુવાદ અને વિવેચન), પ્રકા૦ હેમચંદ્રાચાર્ય નવમ જન્મ શતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ, અમદાવાદ ૧૯૯૭.

૪. सिद्धिः स्याद्वादात् । १-१-२ (अत्र बृहद्वृत्तिः) स्याद् इत्यव्ययमनेकान्तद्योतकम्, ततः स्याद्वादोऽनेकान्तवादः, नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् । ततः सिद्धिर्निष्पत्तिर्ज्ञप्तिर्वा प्रकृतानां शब्दानां वेदितव्या । एकस्यैव हि ह्रस्वदीर्घादिविधयोऽनेककारकसंनिपातः, सामानाधिकरण्यम्, विशेष्यविशेषणभावादयश्च स्याद्वादम् अन्तरेण नोपपद्यन्ते । सर्वपार्षदत्वाच्च शब्दानुशासनस्य सकलदर्शनसमूहात्मक-स्याद्वादसमाश्रयणमतिरमणीयम् ॥ - श्री सिद्धहेमचन्द्र शब्दानुशासनम (स्वोपज्ञबृहद्वृत्ति तथा न्यायसारसमुद्धारसंवलितम् (Vol. I, II, III) सं. मुनिश्री वज्रसेनविजयजी म॰, प्रका. भेरुलाल कनैयालाल रिलीजीयस ट्रस्ट, मुंबई वि॰ सं॰ २०४२, पृ. ४.

૫. ....अथवा 'वादात्' विविक्तशब्दप्रयोगात् सिद्धिः सम्यग्ज्ञानं तद्द्वारेण च निःश्रेयसं 'स्याद्' भवेद् इति शब्दानुशासनमिदमारभ्यते इति..॥ - **सिद्धहेमशब्दानुशासनम्**, (Vol. I), सं. वज्रसेनविजयजी, पृ. ४.

૬. ज्ञापकं तु ऋलृति ह्रस्वो वा (१-२-२) इत्यादौ विकल्पोक्तिस्तथाहि । ....तथा च विकल्पोक्तिं विनापि स्वयं द्वैरूप्यसिद्धेः किमर्थं विकल्पं कुर्यात् । परं ह्रस्वः स्यादित्यप्युक्ते एतन्न्यायाद् ह्रस्वो नित्यमेव भविष्यतीत्याशङ्क्य विकल्पार्थं वेति वचनं सुफलम् ॥ **(न्या॰ सं॰**, पृ. १०३).

૭. यत्र चैवकारादिरवधारणार्थः पठ्यते तत्र 'द्विर्बद्धं सुबद्धं भवति' इति न्यायेन दोषाभावः । अन्यथा तद्वैयर्थ्यमापद्यते, विनाप्येवकारादिना प्रकृतन्यायेनावधारणार्थलाभात् । तथा च स न्यायः प्रकृतन्यायबाधक इति बोध्यम् ॥ - द्रष्टव्यः - विजयलावण्यसूरिकृतो **न्यायसमुच्चयः** पृ॰ २०४.

૮. ननु स्याद्वादस्त्वनेकान्तवादः, तत्र कथङ्कारमवधारणार्थः सङ्गतिमङ्गतीति चेत् । उच्यते-तत्रापेक्षाभेदेनावधारणार्थस्याप्यन्तर्भावात्, अत एव स्याद्वादं श्रयन्तां सप्तभङ्ग्यां 'स्याद् अस्त्येव' इत्यादिषु भङ्गेषु ह्यवधारणार्थस्याप्याश्रयणात् ॥ - **न्यायसमुच्चये** न्यायार्थसिन्धुतरङ्गः, पृ॰ २०४.

૯. પાણિનીય વ્યાકરણ પરંપરામાં 'કાશિકા' (ઈ૰ સ૰ ૬૦૦) જેવી વૃત્તિમાં સર્વત્ર भवति નો પ્રયોગ છે, ત્યાં પાણિનીય વ્યાકરણ વર્ણનાત્મક વ્યાકરણ છે એવો ખ્યાલ સ્વીકારાયો છે. પણ કાલક્રમે પાછળથી ભટ્ટોજિ દીક્ષિતે (ઈ૰ સ૰ ૧૪૦૦) જે **વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી** રચી છે, તેમાં સર્વત્ર स्याद् વગેરેનો પ્રયોગ કર્યો છે, ત્યાં આ વ્યાકરણ આદેશાત્મક બની રહે તેવું અભીષ્ટ છે.

૧૦. यद्यपि हैमलक्षणबृहद्वृत्तौ सर्वसूत्रव्याख्यासु **भवतीति** वर्तमानान्तमेव क्रियापदमस्ति, तथापि तल्लघुवृत्तौ सर्वत्र **स्यादिति** सप्तम्यन्तक्रियैव प्रयुक्ताऽस्ति, तदपेक्षयाऽत्र ह्रस्वः स्यादित्यप्युक्ते इत्याद्युक्तम् । न च काकलकायस्थकृतलक्षणलघुवृत्तिस्थः सप्तम्यन्तक्रियाप्रयोगोऽनुचित इति वाच्यम्, यतः सर्वाण्यपि व्याकरणसूत्राणि तावद्विध्यर्थानि, विध्यर्थे च प्रत्युत सप्तम्या एवौचिती....॥ **न्यायसंग्रहे** हेमहंसगणिकृताया न्यायार्थमञ्जूषायाः उपरि स्वोपज्ञो न्यासः, पृ॰ १८७.

આ લેખ મૂળે સંસ્કૃત વિભાગ, ઉત્તર ગુજ૰ યુનિ૰ પાટણ દ્વારા આયોજિત "આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ સમારોહ" (તા૰ ૧૯-૨૦ ડિસે૰ ૧૯૯૭)માં રજૂ કરેલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org